ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

વડોદરા-છોટાઉદેપુર

સંક્ષિપ્ત સમાચાર

સંખેડા કોલેજમાં 'જ્ઞાનસંગ્રામ ૨૦૨૬-૨૭' GPSC E-Quizનું સફળ આયોજન

સંખેડા : સંખેડા સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કાપડિયા નગીનદાસ મગનલાલ માણેકલાલ સાર્વજનિક આર્ટ્સ કોલેજ અને સંખેડા નાગરિક સહકારી બેંક સાર્વજનિક કોમર્સ કોલેજ, સંખેડા દ્વારા વિદ્યાર્થીઓમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ પ્રત્યે જાગૃતિ વધે અને તેઓ સરકારી નોકરી માટે સજ્જ બને તે હેતુસર "જ્ઞાનસંગ્રામ 2026-27" GPSC વર્ગ-3 વિશેષ E-Quiz નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ ઓનલાઈન ક્વિઝ તા. 01/09/2026 થી તા. 30/09/2026 સુધી યોજાઈ હતી, જેમાં ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાઓ અને વિસ્તારોમાંથી કુલ 371 વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ક્વિઝમાં કુલ 50 પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા, દરેક પ્રશ્ન માટે 2 ગુણ એમ કુલ 100 ગુણ રાખવામાં આવ્યા હતા. જેમાં 60% અથવા તેથી વધુ ગુણ મેળવનાર તમામ વિદ્યાર્થીઓને ઈ-મેઈલ દ્વારા ઈ-સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન અને સંચાલન ઈવેન્ટ ઈન્ચાર્જ ડો. દિવ્યાંગ કે. વ્યાસ (કોમર્સ અને એકાઉન્ટન્સી વિભાગ) દ્વારા કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા માટે સંસ્થાના આચાર્યશ્રી ડો. દીપકકુમાર વી. પટેલ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ માટે કોલેજના સ્ટાફ પરિવાર દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રકારની પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં સ્પર્ધાત્મક ભાવના વધે અને તેઓ ભવિષ્યમાં સરકારી નોકરીઓમાં વધુ સફળતા પ્રાપ્ત કરે તેવો સંદેશ આપવામાં આવ્યો હતો.

છોટાઉદેપુરમાં ૧૦૦ ટીબી દર્દીઓને પ્રોટીનયુક્ત આહાર કીટનું વિતરણ



છોટાઉદેપુર : ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત જિલ્લા આરોગ્ય શાખા છોટાઉદેપુર અને જિલ્લા ક્ષય કેન્દ્ર છોટાઉદેપુર દ્વારા અનુપમ મિશન સ્વામિનારાયણ સંસ્થા આણંદના અધિષ્ઠાતા સંતભગવંત સાહેબજી મહારાજની પ્રેરણાથી આજરોજ 5 ઓક્ટોબર 2026 છોટાઉદેપુર જિલ્લાના ટી.બી. ની સારવાર હેઠળના 100 દર્દીઓને ઘરડા કેમિકલ પાનોલીના સહયોગથી સારવારના છ માસ માટે પ્રોટીન યુક્ત આહાર કીટ પુરી પાડવામાં આવનાર છે, જે પૈકી આજ રોજ બીજા તબ્બકાનું વિતરણ અનુપમ મિશન દ્વારા ઘરડા કેમિકલ પાનોલીના સહયોગથી કરવામાં આવ્યું, અનુપમ મિશન સંસ્થામાંથી પધારેલા સંતશ્રી પૂ. મણીદાસજી તથા ડો. વનરાજસિંહ, તથા મુકેશભાઈ પટેલ અને જિલ્લા ક્ષય અધિકારી સાહેબ ભરતસિંહજી, જિલ્લા ટીબી વિભાગના વાલસિંગભાઈ રાઠવા સહિત કર્મચારીઓ ના હસ્તે કીટ વિતરણ કરવામાં આવ્યું. સાથે સાથે આવેલ દરેક દર્દીઓની તબીબી તપાસ અને હિમોગ્લોબીન તેમજ વજન નોંધી ટીબી અને તેની સારવાર વિશે ઊંડી સમજ આપી નિયમિત સારવાર સાથે પ્રોટીન યુક્ત આહાર નું મહત્વ સમજાવી ટીબી રોગ અંગે ગેરમાન્યતા દૂર કરી નિયમિત સારવાર લઈ તંદુરસ્ત સમાજ અને તંદુરસ્ત દેશ ના ઘડતર વિશે માહિતી આપવામાં આવી હતી.

મોટી સાંકળ, ઝાલાવાંટ અને ખંડીબારાના ગ્રામજનોની કાયમી પુલની માંગ



ક્વાંટ : ક્વાંટ તાલુકાના મોટી સાંકળ, ઝાલાવાંટ અને ખંડીબારા ગામને જોડતા રોડ પર ભારે વરસાદના કારણે પૂર આવવાથી નદીનું નાળું તૂટી ગયું છે. જેના કારણે બંને ગામના લોકોની અવરજવર માટે ભારે મુશ્કેલી ઊભી થઈ છે. આ સ્થળે વારંવાર વરસાદ અને પૂર આવવાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગામના લોકો દ્વારા વર્ષો ના લાંબા સમયથી કાયમી પુલ બનાવવાની માંગ કરવામાં આવી રહી છે.અને 4વર્ષ થી નાળા તૂટી રહ્યા છે. પરંતુ હાલ આ સ્થળે ફરીથી RCC રોડ બનાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. માત્ર RCC રોડ બનાવવાથી ભવિષ્યમાં ફરીથી ભારે વરસાદ અને પૂર આવે ત્યારે રસ્તો તૂટી જવાની શક્યતાઓ રહેલી હોય ગ્રામજનો દ્વારા હાલ RCC રોડ બનાવવાને બદલે સ્થળનું યોગ્ય ટેકનિકલ સર્વે કરાવીને નદીના નાળાની પરિસ્થિતિને અનુરૂપ મજબૂત અને કાયમી પુલનું નિર્માણ કરવામાં આવે, તેવી જિલ્લા કલેક્ટર ને આવેદન પત્ર આપી માંગ કરી હતી. જેથી મોટી સાંકળ, ઝાલાવાંટ અને ખંડીબારા ગામના લોકોને કાયમી ધોરણે અવરજવર માટે સુવિધા મળી રહે. ગ્રામજનો સાથે ક્વાંટ જિલ્લા પંચાયત સભ્ય યશવંતભાઈ ચૌહાણ હાજર રહી આ બાબતે રજૂઆત કરી હતી.

સોનાનગર સોસાયટીની ઘટનાને પગલે નગરપાલિકા કચેરીએ પ્લેકાર્ડ સાથે સૂત્રોચ્ચાર

કરજણ નગરપાલિકા ખાતે કોંગ્રેસનો હલ્લાબોલ

મૃત કબૂતર મળવાના મુદ્દે કરજણ નગરપાલિકામાં કોંગ્રેસનો હોબાળો



(પ્રતિનિધિ) કરજણ, તા.5

કરજણ શહેરમાં પીવાના પાણીની પાઇપલાઇનમાંથી મૃત કબૂતર મળી આવવાની ઘટનાને લઈને શહેર કોંગ્રેસ દ્વારા નગરપાલિકા ખાતે વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.

મળતી માહિતી મુજબ, ત્રણથી ચાર દિવસ અગાઉ કરજણના નવાબજાર વિસ્તારમાં આવેલી સોનાનગર સોસાયટીમાં પીવાના પાણીની લાઇનમાંથી મૃત કબૂતર નીકળતા સ્થાનિકોમાં ચકચાર મચી હતી. આ સમગ્ર મામલે આજે કરજણ શહેર કોંગ્રેસના કાર્યકરો દ્વારા હાથમાં વિવિધ પ્લેકાર્ડ લઈને સૂત્રોચ્ચાર સાથે નગરપાલિકા કચેરીએ પહોંચી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું અને જવાબદાર તંત્ર સામે રજૂઆત કરવા આવેદનપત્ર આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

જોકે, કોંગ્રેસના કાર્યકરો નગરપાલિકા કચેરીએ પહોંચ્યા ત્યારે કોઈ સક્ષમ અધિકારી હાજર ન હોવાનું જણાતા કાર્યકરોમાં રોષ જોવા મળ્યો હતો. આવેદન કોને આપવું તે અંગે પણ અસમંજસની સ્થિતિ સર્જાઈ હતી. અંતે કોંગ્રેસના કાર્યકરોએ નગરપાલિકાના સેનેટરી વિભાગમાં બેસી રહી વિરોધ નોંધાવ્યો હતો.

આ સાથે કોંગ્રેસના કાર્યકરોએ નગરપાલિકામાં વીજળી બચાવવાના મુદ્દે પણ સવાલો ઉઠાવ્યા હતા. કોંગ્રેસના આક્ષેપ મુજબ નગરપાલિકા પ્રમુખની ઓફિસ બંધ હોવા છતાં લાઇટ બંધ અને એસી ચાલુ જોવા મળ્યું હતું. જેને લઈને કોંગ્રેસે વીજ બચાવવાના મુદ્દે પણ નગરપાલિકા તંત્રને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો.

કરજણના બિસ્માર રસ્તાઓ મુદ્દે કોંગ્રેસની રજૂઆત

કરજણ તાલુકાના રસ્તાઓની અત્યંત બિસ્માર હાલતને લઈને સ્થાનિક જનતામાં વ્યાપેલો રોષ હવે રાજકીય સ્વરૂપ ધારણ કરી રહ્યો છે. આજે કરજણ કોંગ્રેસ સમિતિ દ્વારા વડોદરા સ્થિત મકાન અને બાંધકામ વિભાગની કચેરી ખાતે રૂબરૂ મુલાકાત કરી ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. કોંગ્રેસના આગેવાનોએ અધિકારીઓ સમક્ષ કરજણના ખખડધજ રસ્તાઓને કારણે પ્રજાને પડતી હાલાકી અને અકસ્માતોના વધતા બનાવો અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. આ રજૂઆત બાદ મકાન અને બાંધકામ વિભાગના અધિકારીઓએ આગામી ૧૫ દિવસમાં રસ્તાઓના સમારકામની ખાતરી આપી હતી. જોકે, કોંગ્રેસના કાર્યકરોએ આ ખાતરી માત્ર કાગળ પર ન રહે અને વાસ્તવિકતામાં કામગીરી થાય તે માટે સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી છે. કોંગ્રેસના કાર્યકરોએ જણાવ્યું હતું કે, "જો ૧૫ દિવસમાં રસ્તાઓનું સમારકામ શરૂ નહીં થાય અથવા સંતોષકારક કામગીરી નહીં થાય, તો મકાન અને બાંધકામ વિભાગની કચેરીએ ઢોલ-નગારા સાથે 'રામધૂન' બોલાવી ઉગ્ર આંદોલન કરવામાં આવશે." આ ચીમકી દર્શાવે છે કે કોંગ્રેસ આ મુદ્દે કોઈ પણ ભોગે પીછેહઠ કરવા તૈયાર નથી અને પ્રજાના હિત માટે લડત ચાલુ રાખશે. આ રજૂઆત દરમિયાન કરજણ કોંગ્રેસ પ્રમુખ પીન્ટુભાઇ પટેલ, શિનોર જિલ્લા પંચાયત સદસ્ય ભુપેન્દ્ર પટેલ, માજી જિલ્લા માઇનોરિટી સેલના પ્રમુખ મહેબૂબ મલેક, શિનોર તાલુકા પ્રમુખ અમુલ પટેલ, અને જિલ્લા મહામંત્રી ઈશ્વરસિંહ પટીયાર (બાપુ) સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રતાપનગર પેસેન્જર ટ્રેનમાં દારૂની ખેપનો પર્દાફાશ

(પ્રતિનિધિ) ડભોઇ, તા.5

પ્રતાપનગર-અલીરાજપુર પેસેન્જર ટ્રેનમાં છેલ્લા ત્રણ માસથી ચાલતી વિદેશી દારૂની હેરાફેરીનો રેલવે LCBએ પર્દાફાશ કર્યો હતો. બાતમીના આધારે LCB સુરત ડિવિઝનની ટીમે ટ્રેનમાં વોચ ગોઠવી હતી. સંખેડાથી પ્રતાપનગર વચ્ચે વિવિધ સ્ટેશને દારૂ ઉતારતા ત્રણ ખેપિયાઓને 881 નંગ દારૂ-બિયરની બોટલો સાથે ઝડપી પાડ્યા હતા. ઝડપાયેલા આરોપીઓને મુદ્દામાલ સાથે ડભોઇ રેલવે પોલીસને સોંપવામાં આવ્યા હતા. કોર્ટમાં રજૂ કરતાં ત્રણેય આરોપીઓના બે દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર થયા છે. રિમાન્ડ દરમિયાન દારૂની હેરાફેરીના નેટવર્ક તથા અન્ય સંડોવાયેલા શખ્સો અંગે પૂછપરછ હાથ ધરવામાં આવશે.

દસ વર્ષથી રસ્તાની મરામતની રાહ, વરસાદ બાદ સ્થિતિ વધુ ગંભીર બની

મોટા ખાડાઓથી તલાવ ગામનો માર્ગ જોખમી, ગ્રામજનોમાં રોષ



(પ્રતિનિધિ) નસવાડી, તા.5

નસવાડી તાલુકાના તલાવ ગામે રોડની બિસ્માર હાલતથી ગ્રામજનો પરેશાન, ખાડા પુરાવી રસ્તાની મરામત કરવાની માંગ નસવાડી તાલુકાના તલાવ ગામે રોડની બિસ્માર હાલતને લઈને ગ્રામજનોમાં નારાજગી જોવા મળી રહી છે. ગામના રસ્તા પર ઠેર-ઠેર મોટા ખાડા પડી જતાં વાહનચાલકો તેમજ રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

ખાસ કરીને વાહનચાલકો માટે ખાડાઓમાંથી પસાર થવું મુશ્કેલ બન્યું છે અને અકસ્માતની ભીતિ પણ સેવાઈ રહી છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ, રસ્તા પર લાંબા સમયથી ખાડાઓ પડેલા હોવા છતાં તેની યોગ્ય મરામત કરવામાં આવી નથી. વરસાદ બાદ રસ્તાની સ્થિતિ વધુ ખરાબ બની હોવાનું ગ્રામજનો જણાવી રહ્યા છે. ખાડાઓને કારણે વાહનોને નુકસાન થવાની સાથે રોજિંદા અવરજવરમાં પણ મુશ્કેલી પડી રહી છે.

તલાવ ગામના ગ્રામજનોએ નસવાડી ખાતે આવેલી પંચાયતમાં માર્ગ મકાન વિભાગની કચેરીને અનેકવાર ગ્રામજનોએ રજૂઆતો કરીને ધ્યાન દોરવા છતાય રસ્તા પર પડેલા ખાડાઓ પૂરવામા આવતા નથી દસ દિવસમાં ખાડા નહીં પૂરવામાં આવે તો પંચાયત માર્ગ મકાન વિભાગની કચેરીનો ઘેરાવો કરવાની ચીમકી ઉચ્ચારી છે, હાલ માત્ર ખાડા પૂરવાથી નહીં પરંતુ રસ્તાની કાયમી મરામત કરવામાં આવે તો જ સમસ્યાનો યોગ્ય ઉકેલ આવી શકે.

ધર્મપુરીના વળાંકમાં કપાસ ભરેલી ટ્રક પલટી

(પ્રતિનિધિ) ડભોઇ, તા.5

ડભોઈ-તિલકવાડા માર્ગ પર ધર્મપુરી ગામ પાસેના વળાંકમાં મહારાષ્ટ્રથી કપાસ ભરીને આવેલી એલ.પી. ટ્રક પલટી ખાઈ ગઈ હતી. વળાંકમાં ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા ટ્રક માર્ગ પર જ પલટી ગઈ હોવાનું અનુમાન છે. અકસ્માતમાં ચાલકને ઓછી-વત્તી ઈજાઓ થતાં રાહદારીઓ અને વાહનચાલકોએ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. ઈજાગ્રસ્ત ચાલકને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો હતો. કપાસની સિઝન શરૂ થતાં મહારાષ્ટ્રના ગ્રામ્ય વિસ્તારોમાંથી કપાસ ભરેલા વાહનો નેત્રંગ, રાજપીપળા, ડભોઈ થઈ વડોદરા તરફના વિવિધ કપાસ ખરીદી કેન્દ્રો પર જઈ રહ્યા છે. અકસ્માતમાં ટ્રકને સામાન્ય નુકસાન થયું હતું. ઘટના અંગે ચોક્કસ કારણ જાણવા તપાસ હાથ ધરાઈ છે.

મંજુસરમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે પત્તાપાનાનો જુગાર રમતા ૮ ઝડપાયા

રૂ.14,160ના મુદ્દામાલ સાથે પોલીસે જુગારિયાઓને ઝડપી પાડ્યા

(પ્રતિનિધિ) સાવલી, તા. 5

સાવલી તાલુકાના મંજુસર પોલીસે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા હોવાની બાતમી ના આધારે 8 ઇસમોને 14,160 ના મુદ્દા માલ સાથે મંજુસર ગામમાંથી રંગે હાથ ઝડપી ને જેલ ભેગા કર્યા છે.

સાવલી તાલુકાના મંજુસર ગામે વાણીયા સ્ટ્રીટમાં સ્ટ્રીટ લાઈટ ના અજવાળે ખુલ્લી જગ્યામાં કેટલાક ઇસમો હાર જીતનો જુગાર રમી રહ્યા છે તેવી બાતમીના આધારે હેડ કોસ્ટેબલ રવિન્દ્ર સિંહ અને તેમની ટીમ દ્વારા બાતમી વાળી જગ્યા પર દરોડો પાડીને 8 ઈસમોને રંગે હાથે જુગાર રમતા ઝડપી પાડ્યા છે અને તેમની પાસે થી દાવ પર લાગેલા 3130 રૂપિયા અને અંગઝડતી માં 11030 રૂપિયા મળી કુલ 14160 નો મુદ્દામાલ કબજે કર્યો છે પકડાયેલા જુગારિયા ઓ (૧) પીન્કેશ ઠાકોરભાઈ પટેલ (૨) જગદીશ ગણપતભાઈ ગોહિલ(૩) રસિક રમણભાઈ ચૌહાણ (૪) સુરજ રાજુભાઈ સોલંકી (૫) અજય ભાઈલાલભાઈ વાદી (૬) લક્ષ્મણ નટુભાઈ વાદી (૭) જયેશ રમણભાઈ સોલંકી (૮) સચિન રમણભાઈ સોલંકી તમામ રહે મંજુસર તા સાવલી ની ધરપકડ કરીને જેલ ભેગા કર્યા છે અને તમામ ની સામે જુગારધારા ની કલમ 12 મુજબ કાર્યવાહી હાથ ધરી છે.

સ્ટેટ મોનિટરિંગ સેલની કાર્યવાહીમાં પાંચ આરોપી ઝડપાયા, 138 બિયર ટીન કબજે

બોડેલીમાં દારૂની હેરાફેરીનો પર્દાફાશ, ૩.૫.૧૮ લાખનો મુદ્દામાલ જપ્ત



(પ્રતિનિધિ) બોડેલી, તા.૫

બોડેલી પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે બાતમીના આધારે દરોડો પાડી ભારતીય બનાવટના વિદેશી દારૂની હેરાફેરી ઝડપી પાડી હતી. કાર્યવાહીમાં પાંચ આરોપીઓને ઝડપી રૂ.5,18,765નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

સ્ટેટ મોનિટરિંગ સેલના પીએસઆઈ સી.કે. સિસોદીયા અને ટીમે ધનપુર ખોંસ ગામની સીમ પાસે નર્મદા કેનાલ રોડ પર વોચ ગોઠવી હતી. કોસિન્દ્રા તરફથી આવતા ટુ-વ્હીલર ચાલકોને રોકવાનો પ્રયાસ કરતાં તેઓ યુ-ટર્ન મારી ભાગવા લાગ્યા હતા. જોકે ટીમે પાંચ ઇસમોને ઝડપી પાડ્યા હતા.

પોલીસે સ્કૂટર પરથી કાળું કપડું હટાવી તપાસ કરતાં રૂ.1,88,465ની કિંમતના 138 બિયર ટીન મળી આવ્યા હતા. પોલીસે ત્રણ એક્સેસ મોપેડ, નંબર પ્લેટ વગરની સફેદ સુઝુકી બર્ગમેન, પાંચ મોબાઇલ ફોન સહિત કુલ રૂ.5,18,765નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પકડાયેલા આરોપીઓમાં વીનેશભાઈ હકલસીહ રાઠવા, વિપુલભાઈ દાડુદીયાભાઈ ભીલ, રાહુલભાઈ કીશનભાઈ રાઠવા, બીપીનભાઈ કનુભાઈ રાઠવા અને અમીતભાઈ દિનેશભાઈ રાઠવાનો સમાવેશ થાય છે. જ્યારે કૌશીક રાઠવા, સરદાર ચૌહાણ, અલ્પેશ રાઠવા અને કમલસીંગ ભીલ સહિતના આરોપીઓ અંધારાનો લાભ લઈ ફરાર થયા હતા. બોડેલી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કરજણના નવરત્ન જ્વેલર્સમાં છત તોડી ૩.૪.૯૫ લાખની ચોરી

2.5 કિલો ચાંદીના દાગીના અને દેવી-દેવતાઓની મૂર્તિઓ તસ્કરો ઉઠાવી ગયા

(પ્રતિનિધિ) કરજણ, તા. 5

કરજણ શહેરના નવા બજારમાં આવેલી સાડી માર્કેટમાં નવરત્ન જ્વેલર્સમાં તસ્કરોએ છતના નળિયા તોડી દુકાનમાં પ્રવેશ કરી રૂ.4.95 લાખની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ બનાવથી સ્થાનિક વેપારીઓમાં ચકચાર મચી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, તા.13 સપ્ટેમ્બરના સાંજે 7:15થી તા.14 સપ્ટેમ્બરના સવારે 8:15 કલાક દરમિયાન તસ્કરોએ દુકાનની ઉપરની છતના નળિયા તોડી અંદર પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ કાઉન્ટરના શો-કેસમાં રાખેલા ચાંદીના દાગીના તેમજ વિવિધ દેવી-દેવતાઓની મૂર્તિઓની ચોરી કરી હતી. ચોરાયેલી મત્તામાં આશરે 2 કિલો 500 ગ્રામ ચાંદીના દાગીના અને મૂર્તિઓનો સમાવેશ થાય છે, જેની કિંમત રૂ.4,95,000 હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

દુકાન માલિક જવાહરકુમાર ઓધડમલ સોનીએ કરજણ પોલીસમાં ફરિયાદ નોંધાવતા BNSની કલમ 331(3), 331(8) અને 305(એ) હેઠળ ગુનો નોંધાયો છે. પોલીસે આસપાસના CCTV ફૂટેજની તપાસ શરૂ કરી અજાણ્યા તસ્કરોને ઝડપી પાડવા તપાસ તેજ કરી છે. ઘટનાને પગલે વેપારીઓમાં સુરક્ષાને લઈને ચિંતા ફેલાઈ છે.

પોક્સો સહિતના ગુનામાં ફરાર આરોપી કલાકોમાં ઝડપાયો

(પ્રતિનિધિ) બોડેલી, તા. 5

કરાલી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પોક્સો સહિતના ગુનામાં ફરાર આરોપી દિલીપભાઈ નાગલીયાભાઈ નાયકા (ઉં. આશરે 18/19 વર્ષ), રહે. સાઢલી, વોરુ ફળિયા, તા. જેતપુર પાવીને કરાલી પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યો હતો. પોલીસ ઈન્સ્પેક્ટર એમ.બી. તોમરના માર્ગદર્શન હેઠળ ટીમ આરોપીની શોધખોળમાં હતી. દરમિયાન બાતમી મળી હતી કે આરોપી સાઢલી ગામના ખેતરોમાં છુપાયો છે. બાતમીના આધારે પોલીસે હ્યુમન સોર્સ અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી આરોપીને ઝડપી લીધો હતો. આરોપી વિરુદ્ધ કરાલી પોલીસ સ્ટેશન ગુ.ર. નં. 11184005260762/2026માં ભારતીય ન્યાય સંહિતા-2023ની કલમ 65(1) તથા પોક્સો એક્ટની કલમ 4 મુજબ ગુનો નોંધાયો છે.

ડભોઈ સ્ટેશન વિસ્તારમાં આવેલી લવલી સ્ટોરમાં ચોરીથી ફફડાટ

લોખંડની ખુલ્લી જાળીમાંથી પ્રવેશી ૩.25 હજારથી વધુની રોકડ ઉઠાવી

(પ્રતિનિધિ) ડભોઈ, તા. 15

ડભોઈના રેલ્વે સ્ટેશન જતા માર્ગ પર મેજેસ્ટીક ટોકીઝની બાજુમાં આવેલી લવલી સ્ટોર નામની પ્રોવિઝન સ્ટોર માં અજાણ્યા તસ્કરો એ 25000 ઉપરાંત ની રોકડની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. છેક સવારમાં ખબર પડતા વેપારીએ પોલીસ ને જાણ કરતા પોલીસ સ્થળ પર આંટો મારી આવી તપાસ શરૂ કરેલ છે. ડભોઈ ના રેલ્વે સ્ટેશન તરફ જતા માર્ગ પર મેજેસ્ટીક ટોકીઝ ની બાજુ માં લવલી સ્ટોર નામની પીરમહમદ જમાલભાઈ પાનવાલા ની દુકાન આવેલી છે. દુકાન બંધ પડેલ બોર્ડિંગ લોજ ની નીચેના ભાગે આવેલ હોય પાછળ નો ભાગ જર્જરિત થઈ ગયેલ છે. જેથી દુકાન ના સમારકામ માટે અને કાટમાળ આપવા માટે આગળ આવેલ લોખંડ ની જાળી નું તાળું વેપારી ધ્વારા ખોલાયું હતું. જે બાદ માં ખુલ્લું જ રાખ્યું હતું. જેથી તસ્કર લોખંડ ની ખુલ્લી જાળી માંથી પાછળ જઈ મોઢે બુકાની બાંધીને દુકાન માં પ્રવેશયો હોવાનું અનુમાન છે. જે બાદ માં હાથ માં રહેલ ટોર્ચ થી દુકાન માં રહેલ સમાન તપાસી રોકડ ની ચોરી કરી ગયો હોવાનું સી.સી.ટી.વી.ફૂટેજ માં કેદ થવા પામી હતી.જેમાં દુકાન માં રહેલ રૂપિયા 25,000 ઉપરાંત ની રોકડ મત્તા ની ચોરી કરી અજાણ્યા તસ્કરો ફરાર થઈ ગયો હોવાનું વેપારી ધ્વારા સમાન અને દુકાનની તપાસ બાદ જ ખબર પડી હતી.

ગુજરાત ભાડા વિધેયકના વિરોધમાં શિનોરના વકીલો હડતાળ પર



(પ્રતિનિધિ) શિનોર, તા. 5

ગુજરાત ભાડા વિધેયક-2026ના વિરોધમાં રાજ્યભરના વકીલો દ્વારા આજથી અચોક્કસ મુદતની હડતાળનું એલાન કરવામાં આવ્યું છે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના તા. 3 ઓક્ટોબર, 2026ના ઠરાવના અનુસંધાને તા. 5 ઓક્ટોબરથી રાજ્યની તમામ બાર એસોસિએશનો દ્વારા કોર્ટની કાર્યવાહીથી અલિપ્ત રહેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

આ નિર્ણય મુજબ ગુજરાત ભાડા વિધેયક-2026 રદ કરવામાં આવે અથવા તેમાં વકીલોની માંગણીઓને ધ્યાનમાં રાખી જરૂરી સુધારા કરવામાં આવે ત્યાં સુધી હડતાળ ચાલુ રાખવામાં આવશે. રાજ્યભરના વકીલો દ્વારા આ વિધેયક સામે વિરોધ નોંધાવી કોર્ટ કામગીરીથી દૂર રહેવાનું નક્કી કરવામાં આવ્યું છે.

આ અનુસંધાને શિનોર બાર એસોસિએશન દ્વારા પણ ખાસ બેઠક બોલાવવામાં આવી હતી. બેઠકમાં ગુજરાત ભાડા વિધેયક-2026ની જોગવાઈઓ અંગે ચર્ચા કરી તેના વિરોધમાં સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. ઠરાવ મુજબ શિનોર બાર એસોસિએશનના તમામ વકીલો આજથી કોર્ટની કાર્યવાહીથી અલિપ્ત રહી રાજ્યવ્યાપી અચોક્કસ મુદતની હડતાળમાં જોડાયા છે. વકીલોએ વિધેયકમાં જરૂરી સુધારા અથવા તેને રદ કરવાની માંગ સાથે આંદોલનને સમર્થન આપ્યું છે.

વાઘોડિયા પોલીસે દારૂ ભરેલી કાર સાથે એકને ઝડપ્યો

2.62 લાખના દારૂ સાથે એકની અટકાયત



(પ્રતિનિધિ) વાઘોડિયા, તા. 5

વાઘોડિયા ડિ સ્ટાફ ખાનગી વાહન પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન પોલીસ ઈન્સ્પેક્ટર એચ.બી.ગોહીલને અંગત બાતમી મળતા બાકરોલ ગામના નાકા પાસે પોલીસ છુટા છવાયા વોચમાં ઉભા રહી બાતમી વાળી સફેદ કલરની ક્રેટા ગાડી આવતા ખાનગી વાહનોની આડ કરી તેને કોર્ડન કરી ઝડપી પાડી હતી. ગાડીના ચાલકનું નામ પૂછતા સાગરભાઈ બિપીનભાઈ ભાલીયા ઉ.વ.૨૭ રહે. બાકરોલ ગામ નવીનગરી તા.વાઘોડીયા જી.વડોદરાની હ્યુંડાઈ કંપનીની ક્રેટા ગાડીમાં પાછળની બાજુ તપાસ કરતા ભારતીય બનાવટના પ્લાસ્ટિકના કોટર અને બિયરનો જથ્થો ઝડપી પાડ્યો હતો. વિદેશી દારૂનો જથ્થો બાકરોલ ઘરેથી ભરી વડોદરા શહેર તરફ જતા પોલીસના હાથમાં ઝડપાયો હતો. વાઘોડિયા પોલીસે ડીક્કીના ભાગે ભારતીય બનાવટની વિદેશી દારૂની પેટીઓ જેમાં ભારતીય બનાવટના વિદેશી દારૂના પ્લાસ્ટિકના કવાટરીયા તથા બિયરના ટીન મળી કુલ નંગ-૧૦૨૬ કિ.રૂ. ૨,૬૨, ૩૩૮/- તથા હ્યુંડાઈ કંપનીની ક્રેટા ગાડીની કિ.રૂ.૧૦,૦૦,૦૦૦/- ગણી કુલ મુદ્દામાલની કિ.રૂ. ૧૨,૬૨,૩૩૮/- સાથે એક ને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ગુજરાત ભાડા વિધેયક-૨૦૨૬ના વિરોધમાં બોડેલીના વકીલો મેદાનમાં



(પ્રતિનિધિ) બોડેલી, તા. 5

બોડેલી બાર એસોસિએશન દ્વારા સૂચિત 'ગુજરાત ભાડા વિધેયક-2026'ના વિરોધમાં પ્રદર્શન કરવામાં આવ્યું હતું. રાજ્યભરના વકીલો અને બાર એસોસિએશનો દ્વારા વિધેયકને લઈને વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે, જેના ભાગરૂપે બોડેલીના વકીલોએ પણ વિરોધ કાર્યક્રમ યોજ્યો હતો.

બાર એસોસિએશનના સભ્ય વકીલો હાથમાં વિવિધ પ્લે કાર્ડ લઈને રેલી સ્વરૂપે કોર્ટ પરિસર સુધી પહોંચ્યા હતા. વકીલોએ વિધેયક અંગે પોતાની માંગણીઓ રજૂ કરી સૂત્રોચ્ચાર કર્યા હતા. ત્યારબાદ બોડેલી બાર એસોસિએશન દ્વારા કોર્ટની કાર્યવાહીથી અલિપ્ત રહેવાનો નિર્ણય જાહેર કરવામાં આવ્યો હતો.

વકીલ મંડળ દ્વારા સૂચિત કાયદામાં જરૂરી સુધારા-વધારા કરવા તેમજ તેની જોગવાઈઓ અંગે રાજ્ય સરકાર દ્વારા પુનઃવિચાર કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. વિરોધના ભાગરૂપે બાર એસોસિએશન દ્વારા રાજ્ય સરકારના પરિપત્રની હોળી કરી રોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો.